દ્ષ્ટિહીન, અસ્થિ વિષયક, મંદબુધ્ધિવાળી, માનસિક માંદગી તથા બહેરી મુંગી વ્યક્તિઓને ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમની બસોમાં પ્રવાસ ભાડામાં રાહત આપવાની યોજનાની સમીક્ષા કરવા બાબત..

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક :-અપગ-૧૦૨૦૦૩-૧૬૬-છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 28 MAR 2006

**વંચાણે લીધા :-**

૧. સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : અપગ-૧૦૯૬-૨૭૯-છ. તા.૧-૭-૯૮.
૨. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો પત્ર ક્રમાંક : અપગ/એસટી ભાડા રાહત/ ૨૦૦૪-૦૫-૩૫૭. તા. ૧૬-૧૦-૦૪.
૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક : અપગ-૧૦૨૦૦૩-૧૬૬-છ-૧. તા. ૨૫-૫-૨૦૦૫.
૪. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૫-૧-૨૦૦૬ નો સુધારા ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ-૧.

**પ્રસ્તાવના :-**

ગુજરાત રાજયમાં વિકલાંગ વ્યક્તિઓને મફત મુસાફરી માટે અગાઉ સમાજ કલ્યાણ વિભાગના તા. ૧-૭-૧૯૯૮ ના ઠરાવથી લેમીનેટેડ ઓળખપત્રના આધારે મફત મુસાફરી કરવાની પ્રથા અમલમાં મૂકવામાં આવી હતી અને તે પેટે અંદાજીત પ્રતિ વર્ષ એસ. ટી. નિગમને ૩.૫ લાખ જેટલી રકમ ચૂકવવામાં આવતી હતી. જેમાં લાભાર્થીઓમાં વધારો થતા ૩ થી ૪ ગણી રકમ એસ.ટી. નિગમને ભવિષ્યમાં ચૂકવવાની થાય. તેથી આ ખર્ચ ઘટાડા બાબતે સને ૨૦૦૩-૨૦૦૪ અંદાજપત્રીય જોગવાઇઓની સમીક્ષા વખતે આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા વિકલાંગોને આપવામાં આવે તેવું સૂચન કરવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં નિયામક, સમાજ સુરક્ષા ખાતા તરફથી અન્ય રાજયોમાં મફત મુસાફરી યોજના નીચેના જે ધોરણો હતા તેને અનુલક્ષીને

આ યોજનાની વાર્ષિક આવક મર્યાદા **રૂા. ૫૦ હજાર** કરવાની દરખાસ્ત કરી હતી, પરંતુ ત્યારબાદ એસ.ટી. નિગમના અધિકારીઓ તથા વિભાગના અધિકારીઓની એક સંયુક્ત બેઠકમાં નક્કી થયા મુજબ **રૂા. ૫૫ હજાર** સુધીની વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રાખવામાં આવ્યું હતું અને સાથો સાથ જે કાર્ડ આપવામાં આવે તે ડ્રાઈવીંગ લાયસન્સ જેવા સ્માર્ટ આપવા, જેમાં અરજદારનું નામ, સરનામું, જન્મતારીખ, અભ્યાસ, લોહીનું ગ્રુપ, ઓળખનું ચિન્હ વિગેરે પણ દર્શાવી શકાય. આવા ઓળખ કાર્ડની મુદત પાંચ વર્ષની રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને વિકલાંગનો ફોટો પણ ઓળખકાર્ડમાં રાખવાની શરત હતી. આ અંગે **તા. ૨૫-૫-૨૦૦૫** ના ઠરાવથી સરકારે નીતિ નક્કી કરેલી છે.

આ સંદર્ભમાં રાજ્ય સરકાર સમક્ષ વિવિધ મંડળો તથા વ્યકિતઓ તરફથી આ બાબતે પુનઃ વિચારણા કરવા અને મૂળ યોજના ચાલુ રાખવા અંગે એક અથવા બીજી રીતે રજૂઆતો થયા કરે છે. વધુમાં વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નર તરફથી પણ તેમના **તા. ૨૯-૯-૨૦૦૫** ના પત્રથી એવી વિગતવાર રજૂઆત સરકારશ્રીમાં કરવામાં આવેલી છે કે ગુજરાત સરકારના આ નિર્ણયથી નવા ઓળખ કાર્ડ આપવાની અને તે માટે આવકના પ્રમાણપત્રો મેળવવાની ઘણી મોટી અને સમય માગી લેતી કામગીરી ઉભી થઈ છે તેથી તા. **૨૫-૫-૨૦૦૫** નો ઠરાવ રદ કરી **મૂળ સ્વરૂપે યોજના ચાલુ રાખવામાં આવે.**

સાથોસાથ નિયામક, સમાજ સુરક્ષા ખાતા તરફથી તેમના **તારીખ ૫-૧૨-૨૦૦૫** ના પત્રથી સરકાર સમક્ષ એવી રજૂઆત કરવામાં આવેલી છે કે નવા ઓળખકાર્ડ માટે લાભાર્થીઓને પત્ર લખવા, ઓળખકાર્ડ છપાવવા વગેરે કામગીરી **તા. ૩૧-૧૨-૨૦૦૫** સુધીમાં પૂર્ણ કરવી મુશ્કેલ હોવાથી જુનું કાર્ડ ચાલુ રાખવાની મુદત તા. ૩૧-૩-૨૦૦૬ સુધી લંબાવવી, પરંતુ **તારીખ ૨૫-૫-૨૦૦૫** ના ઠરાવમાં કરેલી જોગવાઈ મુજબ આ યોજનાનો અમલ નવા કાર્ડ તૈયાર થયેથી કરવાનો હોવાથી જ્યાં સુધી નવા કાર્ડ તૈયાર ન થાય ત્યાં સુધી જુના કાર્ડ ચાલુ રહે છે અને તેથી જેમ બને તેમ વહેલી તકે નવી યોજના પ્રમાણે નવા કાર્ડ આપવાની કાર્યવાહી પૂર્ણ કરવાની રહે, પરંતુ આ બાબતમાં જે રીતે રજૂઆતો સરકાર સમક્ષ થાય છે તે તથા નવા કાર્ડ આપવાની વહીવટી કામગીરી ચાલે છે તે જોતાં તા. ૨૫-૫-૨૦૦૫ ના ઠરાવનો અમલ કરવાનું વહીવટી રીતે મુશ્કેલ બન્યુ છે.

**<u>ઠરાવ :-</u>**

પ્રસ્તાવનામાં ઉપર દર્શાવેલ સંજોગોમાં, આ વિભાગના ઉપર ઉલ્લેખાયેલ **તા. ૨૫-૫-૨૦૦૫** ના ઠરાવનો અમલ તા. ૩૧-૫-૨૦૦૬ સુધી મોકુફ રાખવાનું આથી

ઠરાવવામાં આવે છે. અને દરમિયાનમાં નવી નીતિ મુજબ કાર્ડ આપવાની આ સમગ્ર યોજના બાબતે સરકાર સમક્ષ જે કોઇ સંસ્થા કે વ્યકિતઓની રજૂઆતો મળી છે તેમના પ્રતિનિધિ તથા વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નર સાથે સંયુકત બેઠક કરીને આ સમગ્ર બાબતોને આવરી લેતી વિચારણા કરવામાં આવે અને તે અંગે યોગ્ય નિર્ણય લઇ નવી નીતિ પ્રમાણે કાર્ડ ઇસ્યુ કરવાની કાર્યવાહી શરૂ કરવી. આ હેતુસર, જયાં સુધી આવી વિચારણા બાદ બીજા હુકમો કરવામાં ન આવે ત્યાં સુધી અગાઉની જૂની નીતિનો અમલ તથા જુના કાર્ડ ચાલુ રહેશે. દરમિયાનમાં જો કોઇ નવા કાર્ડ ઇસ્યુ કરવામાં આવેલ હોય તો વિકલાંગ વ્યકિતઓને તેવા કાર્ડને આધારે એસ.ટી. બસમાં મુસાફરીનો લાભ આપવાનો રહેશે.

નિયામક, સમાજ સુરક્ષાએ આ બાબતમાં સંબંધકર્તાને ઘટતી સૂચનાઓ આપવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પી. એમ. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી ( સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ, રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ઉપાધ્યક્ષશ્રી અને મેનેજીંગ ડીરેકટર, ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ, અમદાવાદ.
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ.
- વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી, જુની વિધાનસભા, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.

- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફતે).
- માહિતી નિયામકશ્રી, જુના સચિવાલય, ગાંધીનગર.
  ( આ યોજનાની બહોળી પ્રસિધ્ધિ માટે જરૂરી પ્રેસનોટ આપવાની વિનંતી સાથે )
- વિભાગની સર્વે શાખાઓ.
- પસંદગી ફાઈલ. છ-૧ શાખા.
- નાયબ સેકશન અધિકારી, પસંદગી ફાઈલ.

નં. અપગ/ઓ.કાર્ડ/૦૫-૦૬/૧૯૬૩
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૧-૩-૨૦૦૬.

નકલ સવિનય રવાના:
(૧). સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.
(૨) ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, મધ્યસ્થ કચેરી, અમદાવાદ.
(૩) સંબંધિત ફાઈલ.

(સહી) ૨૫/૩/૦૬
નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર